JETIR.ORG ISSN: 2349-5162 | ESTD Year : 2014 | Monthly Issue
JOURNAL OF EMERGING TECHNOLOGIES AND INNOVATIVE RESEARCH (JETIR)
An International Scholarly Open Access, Peer-reviewed, Refereed Journal

# નવસારી નગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓની સામાજિક - આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ

દોષ રકીયાબીબી ઇસ્માઇલ,
રિસર્ચ પી.એચડી સ્ટુડન્ટ,
ડીપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક્સ,
વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત, ગુજરાત, ઇન્ડિયા,

ડૉ.વિનોદ.એન.પટેલ
પ્રિન્સિપાલ
નવયુગ કોમર્સ કોલેજ
નવયુગ કોમર્સ કોલેજ, રાંદેર, સુરત, ગુજરાત, ઇન્ડિયા

***અમુર્ત:*** **પ્રસ્તુત સંશોધન વિષયના અભ્યાસમાં "નવસારી નગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓની સામાજિક, આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ" કરવામાં આવ્યો છે જેમાં નવસારી નગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓમાં બે પ્રકારના કર્મચારીઓને આવરી લેવામાં આવ્યા છે. (૧) કાયમી કર્મચારીઓ (૨) કરાર આધારિત કર્મચારીઓ, આ બંને પ્રકારના કર્મચારીઓની પરિસ્થિતિ પર અભ્યાસ કરાયો છે. કર્મચારીઓ ક્યા વિભાગમાં કામ કરે, કર્મચારીઓની આવક, ખર્ચ, બચત, દેવું વગેરે આર્થિક સંબંધિત બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. તદ્દઉપરાંત કર્મચારીઓનો ધર્મ, શિક્ષણ, જાતિ, વૈવાહીક દરજ્જો, માતૃભાષા વગેરે સામાજિક સંબંધિત બાબતો પર અભ્યાસ કરાયો છે.**

## 1. પ્રસ્તાવના

ભારત જેવા લોકશાહી દેશમાં સ્થાનિક સરકાર એ માત્ર સ્થાનિક સ્તરની સરકાર જ નથી, પરંતુ લોકશાહીનો પાયો વિસ્તૃત અને મજબૂત બનાવનારી સંસ્થા પણ છે. લોકશાહી વિકેન્દ્રીકરણના કારણે સ્વતંત્રતા સમાનતા અને જનકલ્યાણના મૂલ્યો સ્થાનિક સરકાર સાકાર કરવા સક્ષમ બને છે. સ્થાનિક નાગરિકો સ્વતંત્રતા ભોગવી શકે તે માટે સરકારની સત્તાને એવી વિભાજીત કરાઈ છે કે વ્યક્તિ અને સમૂહનું સરકારના આપખુદ પગલાંથી સક્ષણ થઇ શકે છે. સ્થાનિક નેતા અને સ્થાનિક વહીવટીતંત્રને સ્થાનિક પ્રશ્નોને ઉકેલવા પૂરતી સ્વતંત્રતા અપાઈ છે. નગરપાલિકા, નગરપંચાયતો, ગ્રામ પંચાયતો, વગેરે સ્થાનિક સ્વશાસનના મૂળભૂત એકમો છે.

"કોઈપણ લોકશાહી શાસન પદ્ધતિમાં સ્વાયત્ત શાસનનું વિશેષ મહત્વ રહેલું છે. સ્થાનિક સ્વરાજ્ય અથવા સ્વાયત્ત શાસન પ્રજાની સ્થાનિક સમસ્યાઓના સમાધાન માટે લોકપ્રતિનિધિઓ દ્વારા માર્યાદિત ક્ષેત્રોમાં કાર્ય કરે છે. કેટલીક જગ્યા એ સ્વાયત્ત શાસન હેઠળ ન્યાય અને શાંતિ વ્યવસ્થાના કાર્ય પણ આવી જાય છે. આવું સમાન્યતઃ મોટા નગરોમાં જોવા મળે છે. ભારતમાં પંચાયતી રાજની યોજના હેઠળ સ્થાનિક શાસનની વ્યવસ્થાઓને આ પ્રકારની જવાબદારી સોંપવામાં આવે છે. મોટે ભાગે આ સંસ્થાઓ હેઠળ એવી નાગરિક સમસ્યાઓ આવે છે જેનું સ્થાનિક મહત્વ હોય છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને એક સીમિત ક્ષેત્રમાં કાર્ય કરવાનું હોય છે. પ્રજાના વિકાસ માટે સુવિધાઓ આપવાની હોય છે. આજે રાજ્ય અને સમાજની સ્થિતિ એવી છે કે વ્યક્તિને અનેક કાર્યો માટે સરકાર પર નિર્ભર રહેવું પડે છે".

## 2. સંદર્ભ સાહિત્યની સમીક્ષા

શ્રીવાસ્તવ, આર (૨૦૦૧) દ્વારા કરવામાં આવેલા આ અભ્યાસ " ફર્ટિલાઇઝર યુનિટ માં કામ કરતા કાયમી અને કોન્ટ્રાક્ટબેઝ કર્મચારીઓનો સામાજિક-આર્થિક પરિસ્થિતિનો તુલનાત્મક અભ્યાસ કરાયો છે. 50 જેટલા કાયમી કર્મચારીઓ અને ૫૦ કોન્ટ્રાક્ટબેઝ કર્મચારીઓને અભ્યાસમાં પસંદગી કરી છે. સુરત હજીરા માં આવેલ ક્રિસક ભારતી કો. ઓપરેટીવ લિમિટેડમાં ફિલ્ડ સર્વે દ્વારા કર્મચારીઓની મુલાકાત કરી પ્રશ્નાવલીના માધ્યમથી માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે. અભ્યાસમાં કરવામાં આવેલા સૂચનો નીચે મુજબ છે

- ક્રિભકો યુનિટમાં કામ કરતાં કોન્ટ્રાક્ટબેઝ કર્મચારીઓ માટે આવાસની સુવિધા એ કાયમી કર્મચારીઓ કરતા ઘણી ખરાબ છે. આથી કોન્ટ્રાક્ટ દ્વારા એવા પગલાં લેવામાં આવે કે જેથી કરીને તેમને રહેવાની સારી સગવડ પૂરતા પ્રમાણમાં મળી શકે જેથી કોન્ટ્રાક્ટબેઝ કર્મચારીઓને કોન્ટ્રાક્ટર દ્વારા વીજળી, શૌચાલય અને બાથરૂમની આવશ્યક જરૂરિયાત પૂરી પાડવામાં આવે.
- સરકાર દ્વારા કુટુંબનિયોજન કાર્યક્રમો દ્વારા એવા પગલાં લેવાવા જોઇએ કે જેથી કરીને કામ કરતા કર્મચારીઓએ અજ્ઞાનતા અને નિર્દોષતાના પરિણામોથી જાગૃતતા મેળવી શકે.
- સરકાર દ્વારા એવી નીતિ અપનાવવી જોઈએ કે જેથી કરીને કોન્ટ્રાક્ટ બેઝ કર્મચારીઓ પણ બચત કરી શકે. સરકાર દ્વારા એવા પગલા લેવાવા જોઇએ કે દરેક કર્મચારીઓને સરખા કામ માટે સરખું વેતન મળી શકે.
- કોન્ટ્રાક્ટબેઝ કર્મચારીઓ અમુક વર્ષો સુધી કામ કર્યા પછી કાયમી થવા જોઈએ જેથી તેમને રોજગારી ની સુરક્ષા મળી શકે. ક્રિભકો યુનિટ દ્વારા એવા પગલા લેવાવા જોઇએ કે જેથી કરીને રોજગારીની વધુ તકો ઊભી થાય અને તેઓ રાષ્ટ્રીય આવકમાં વધારે યોગદાન આપી શકે.

## 3. સંશોધનના મુખ્ય હેતુઓ

- નવસારી નગરપાલિકામાં કામ કરતાં કાયમી અને કરાર આધારિત કર્મચારીઓની સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.
- નવસારી નગરપાલિકામાં કામ કરતાં કાયમી અને કરાર આધારિત કર્મચારીઓની આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.
- નવસારી નગરપાલિકા દ્વારા જે લાભો કાયમી કર્મચારીઓને પ્રાપ્ત થાય છે તેજ લાભો કરાર આધારિત કર્મચારીઓને પણ પ્રાપ્ત થાય છે તેનો અભ્યાસ કરવો.
- નવસારી નગરપાલિકાના કર્મચારીઓને કામના સ્થળે પૂરતા પ્રમાણમાં સુવિધાઓ પ્રાપ્ત થાય છે કે નહીં**?** તેના પર અભ્યાસ કરવો.
- નવસારી નગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓની સમસ્યાઓનો અભ્યાસ કરી સૂચનો આપવા.

## 4. સંશોધન અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત સંશોધનમાં 'નવસારી નગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓની સામાજિક અને આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ' બાબત અંગે અભ્યાસની પસંદગી કરવામાં આવી છે. સામાન્ય રીતે દરેક ક્ષેત્રમાં કામ કરતાં કર્મચારીઓ પર આ પ્રકારના અભ્યાસો જોવા મળે છે. પરંતુ નગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓ પર ભાગ્યે જ કોઈકે ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યું હોય તેવું જોવા મળે છે. નવસારી નગરપાલિકામાં રોજગારી અંગે કર્મચારીઓની સંખ્યા વધુ જોવા મળે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં નગરપાલિકાના કાયમી કર્મચારીઓ અને કરાર આધારીત પર કામ કરતા કર્મચારીઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. નવસારી નગરપાલિકાના વહીવટી વિભાગમાંથી કર્મચારીઓની સંખ્યાની માહિતી મેળવવામાં આવી છે.

## 5. સંશોધન નિદર્શ પસંદગી અને માહિતી પ્રાપ્તિ

પ્રસ્તુત સંશોધનમાં નવસારી નગરપાલિકા ના અલગ અલગ વિભાગમાં કામ કરતા કર્મચારીઓને નિદર્શમાં સમાન તક આપીને ઉત્તરદાતાઓની પસંદગી થઇ છે. અહીં સંશોધનની પદ્ધતિમાં યદચ્છ નિદર્શન પદ્ધતિ અને બિનયદચ્છ નિદર્શન પદ્ધતિમાંથી કોટા( નિષ્ટાંશ) નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. નવસારી નગરપાલિકાના દરેક વિભાગને સરખો ભાર આપી ઉત્તરદાતાઓની સંખ્યા નક્કી કરવામાં આવી છે. કોટા નિદર્શન પદ્ધતિના આધારે પસંદ કરાયેલ ઉત્તરદાતાઓની સંખ્યા દર્શાવતુ કોષ્ટક નીચે મુજબ છે.

કોટા નિદર્શન પદ્ધતિના આધારે પસંદ કરાયેલ ઉત્તરદાતાઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિભાગ નુ નામ | કાયમી કર્મચારીઓની સંખ્યા | ૧૫% ના આધારે પસંદ કરાયેલ કર્મચારીઓની સંખ્યા | કરાર આધારિત કર્મચારીઓની સંખ્યા | ૧૫% ના આધારે પસંદ કરાયેલ કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | **બાંધકામ શાખા** | ૧૯ | ૦૩ | ૪૫ | ૦૭ |
| ૨ | **પાણી શાખા** | ૧૩ | ૦૨ | ૨૯ | ૦૫ |
| ૩ | **ડ્રેનેજ શાખા** | ૧૩ | ૦૨ | ૪૮ | ૦૮ |
| ૪ | **વહીવટી શાખા** | ૦૭ | ૦૧ | ૧૪ | ૦૨ |
| ૫ | **લાઈટ વિભાગ** | ૧૧ | ૦૨ | ૦૮ | ૦૨ |
| ૬ | **વેરા વિભાગ** | ૧૫ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૭ | **ગુમાસ્તાધારા** | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૮ | **ફાઈલ એરીયા વિભાગ** | ૧૨ | ૦૨ | ૨૨ | ૦૪ |
| ૯ | **લોન વિભાગ** | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૨ |
| ૧૦ | **અગ્નિશાખા વિભાગ** | ૧૪ | ૦૨ | ૨૩ | ૦૪ |
| ૧૧ | **જનસેવા વિભાગ** | ૦૦ | ૦૦ | ૧૪ | ૦૨ |
| ૧૨ | **આરોગ્ય વિભાગ** | ૧૧ | ૦૨ | ૨૭ | ૦૪ |
| ૧૩ | **ટાઉન પ્લાનિંગ** | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪ | **જન્મ મરણ નોંધણી વિભાગ** | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૫ | **તરણ કુંડ અને જિમ્નેશિયમ** | ૦૩ | ૦૧ | ૩૪ | ૦૬ |
| ૧૬ | **શિક્ષણ સમિતિ વિભાગ** | ૧૫૨ | ૨૧ | ૧૫ | ૦૨ |
| ૧૭ | **સફાઈ કામદાર વિભાગ** | ૧૧૭ | ૧૭ | ૭૬ | ૧૨ |
| | **કુલ** | ૩૯૯ | ૬૦ | ૩૬૮ | ૬૦ |

પ્રસ્તુત સંશોધન અભ્યાસ માટે આંકડાકીય અને બિન આંકડાકીય માહિતી પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરી રૂબરૂ મુલાકાત દ્વારા માહિતી મેળવવામાં આવી છે. અભ્યાસમાં પુસ્તક, સામયિકો, મેગેઝીન, ઇન્ટરનેટનો ઉપયોગ દ્વારા ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે.

## 6. સંશોધન અભ્યાસની મર્યાદાઓ

- આ સંશોધન અભ્યાસ માત્ર નવસારી નગરપાલિકા પૂરતું જ મર્યાદિત છે. ગુજરાતમાં આવેલ અન્ય નગરપાલિકાઓ પર સામાજિક અને આર્થિક પરિસ્થિતિ પર આ સંશોધન અભ્યાસના તારણો કરતાં જુદા હોઈ શકે છે.
- આ સંશોધન અભ્યાસમાં નવસારી નગરપાલિકાના કુલ ૭૬૭ કર્મચારીઓમાંથી માત્ર ૧૨૦ જેટલા કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ સંશોધન અભ્યાસના તારણો ઉત્તરદાતાઓએ આપેલા ઉત્તરો પર આધારિત છે.
- આ સંશોધન અભ્યાસમાં યદચ્છ નિદર્શન પદ્ધતિ અને કોટા નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરી નિદર્શની પસંદગી કરવામાં આવી છે. જેથી યદચ્છ નિદર્શન અને કોટા નિદર્શન પદ્ધતિની મર્યાદાઓ આ સંશોધન અભ્યાસને પણ લાગુ પડે છે.
- ઉત્તરદાતાઓને સરળ ભાષામાં પ્રશ્નો પૂછવાના પ્રયત્ન કરવામાં આવ્યો હોવા છતાં ઉત્તરદાતાઓ કેટલાક પ્રશ્નોના મહત્વને સંપૂર્ણપણે સમજી શક્યા ન હોવાથી તેમજ અન્ય કારણોસર સાચો જવાબ આપવામાં સંકોચ કરતા હોવાના પરિણામે તેઓ દ્વારા પ્રાપ્ત થયેલા ઉત્તરો અવિશ્વાસનીય પણ હોઈ શકે.
- સમષ્ટિની તુલનામાં નિદર્શનો કદ નાનું હોવાથી નિદર્શ પરથી મેળવેલા નિષ્કર્ષો સમષ્ટિ માટે સંપૂર્ણપણે સાચા હોય એ જરૂરી નથી.

## 7. પ્રશ્નાવલી આધારિત આંકડાકીય વિશ્લેષણ

કર્મચારીઓની જાતિ અંગેનું વર્ગીકરણ

| જાતિ | કાયમી કર્મચારીઓ | | કરાર આધારિત | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| પુરુષ | ૨૮ | ૨૩.૩૩ | ૪૮ | ૪૦.૦૦ | ૭૬ | ૬૩.૩૩ |
| સ્ત્રી | ૩૨ | ૨૬.૬૭ | ૧૨ | ૧૦.૦૦ | ૪૪ | ૩૬.૬૭ |
| કુલ | ૬૦ | ૫૦.૦૦ | ૬૦ | ૫૦.૦૦ | ૧૨૦ | ૧૦૦.૦૦ |

કર્મચારીઓની જ્ઞાતિ અંગેનું વર્ગીકરણ

| જ્ઞાતિ | કાયમી કર્મચારીઓ | | કરાર આધારિત કર્મચારીઓ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| સામાન્ય | ૧૪ | ૧૧.૬૭ | ૦૬ | ૦૫.૦૦ | ૨૦ | ૧૬.૬૭ |
| એસ.સી. | ૨૩ | ૧૯.૧૭ | ૨૮ | ૨૩.૩૪ | ૫૧ | ૪૨.૫૧ |
| એસ.ટી. | ૧૩ | ૧૦.૮૩ | ૧૯ | ૧૫.૮૩ | ૩૨ | ૨૬.૬૬ |
| ઓ.બી.સી. | ૧૦ | ૦૮.૩૩ | ૦૭ | ૦૫.૮૩ | ૧૭ | ૧૪.૧૬ |
| કુલ | ૬૦ | ૫૦.૦૦ | ૬૦ | ૫૦.૦૦ | ૧૨૦ | ૧૦૦.૦૦ |

કર્મચારીઓના શૈક્ષણિક સ્તર અંગેનું વર્ગીકરણ

| શિક્ષણ | કાયમી કર્મચારીઓ | | કરાર આધારિત કર્મચારીઓ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| નિરક્ષર | ૦૫ | ૦૪.૧૭ | ૦૫ | ૦૪.૧૭ | ૧૦ | ૦૮.૩૪ |
| પ્રાથમિક | ૦૮ | ૦૬.૬૭ | ૧૧ | ૦૯.૧૭ | ૧૮ | ૧૫.૮૪ |
| માધ્યમિક | ૧૦ | ૦૮.૩૩ | ૧૯ | ૧૫.૮૩ | ૦૯ | ૨૪.૧૬ |
| ઉચ્ચત્તર માધ્યમિક | ૦૭ | ૦૮.૮૩ | ૧૭ | ૧૪.૧૭ | ૨૪ | ૨૦.૦૦ |
| સ્નાતક | ૧૨ | ૧૦.૦૦ | ૦૪ | ૦૩.૩૩ | ૧૬ | ૧૩. ૩૩ |
| અનુસ્નાતક | ૦૭ | ૦૫.૮૩ | ૦૪ | ૦૩.૩૩ | ૧૧ | ૦૯.૧૬ |
| અન્ય | ૧૧ | ૦૯.૧૭ | ૦ | ૦ | ૧૧ | ૦૯.૧૭ |
| કુલ | ૬૦ | ૫૦.૦૦ | ૬૦ | ૫૦.૦૦ | ૧૨૦ | ૧૦૦.૦૦ |

કર્મચારીઓની માસિક આવક અંગેની માહિતી

| માસિક આવક ( રૂપિયામાં ) | કાયમી કર્મચારીઓ | | કરાર આધારિત | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| ૫૦૦૦ | ૦૧ | ૦.૮૩ | ૦૧ | ૦.૮૩ | ૦૨ | ૧.૬૬ |
| ૭૨૦૦ | ૦ | ૦ | ૦૮ | 0૬.૬૮ | ૦૮ | ૬.૬૮ |
| ૭૫૦૦ | ૦ | ૦ | ૧0 | 0૮.૩૩ | ૧૦ | ૮.૩૩ |
| ૭૮૦૦ | ૦ | ૦ | ૩૩ | ૨૭.૫૦ | ૩૩ | ૨૭.૫0 |
| ૧૧૦૦૦ | ૦ | ૦ | ૦૩ | ૨.૫૦ | ૦૩ | ૨.૫૦ |
| ૧૨૫૦૦ | ૦૧ | ૦.૮૩ | ૦૩ | ૨.૫૦ | ૦૪ | ૦૩.૩૩ |
| ૧૭૫૦૦ | ૧૧ | ૦૯.૧૭ | ૦૧ | ૦.૮૩ | ૧૨ | ૧૦.૦૦ |
| ૨૦૦૦૦ | ૦૧ | ૦.૮૩ | ૦૧ | ૦.૮૩ | ૦૨ | ૦૧.૬૬ |
| ૨૪૦૦૦ | ૦૪ | ૦૩.૩૩ | ૦ | ૦ | ૦૪ | ૦૩.૩૩ |
| ૨૬૫૦૦ | ૧૨ | ૧૦.૦૦ | ૦ | ૦ | ૧૨ | ૧૦.૦૦ |
| ૩૦૦૦૦ | ૦૫ | ૦૪.૧૭ | ૦ | ૦ | ૦૫ | ૦૪.૧૭ |
| ૩૫૦૦૦ | ૦૫ | ૦૪.૧૭ | ૦ | ૦ | ૦૫ | ૦૪.૧૭ |
| ૩૮૫૦૦ | ૦૪ | ૦૩.૩૩ | ૦ | ૦ | ૦૪ | ૦૩.૩૩ |
| ૪૦૦૦૦ | ૦૬ | ૦૫.૦૦ | ૦ | ૦ | ૦૬ | ૦૫.૦૦ |
| ૪૫૦૦૦ | ૦૬ | ૦૫.૦૦ | ૦ | ૦ | ૦૬ | ૦૫.૦૦ |
| ૫૦૦૦૦ | ૦૨ | ૦૧.૬૭ | ૦ | ૦ | ૦૨ | ૦૧.૬૭ |
| ૫૨૦૦0 | ૦૨ | ૦૧.૬૭ | ૦ | ૦ | ૦૨ | ૦૧.૬૭ |
| કુલ | ૬૦ | ૫૦.૦૦ | ૬૦ | ૫૦.૦૦ | ૧૨૦ | ૧૦૦.૦૦ |

કર્મચારીઓને વેતન સિવાયના અન્ય લાભો મળે છે કે નહીં તે અંગેની માહિતી

| વેતન સિવાયના લાભો | કાયમી કર્મચારીઓ | | કરાર આધારિત કર્મચારીઓ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| હા | ૬૦ | ૫૦.૦૦ | ૦ | ૦ | ૬૦ | ૫૦.૦૦ |
| ના | ૦ | ૦ | ૬૦ | ૫૦.૦૦ | ૬૦ | ૫૦.૦૦ |
| કુલ | ૬૦ | ૫૦.૦૦ | ૬૦ | ૫૦.૦૦ | ૧૨૦ | ૧૦૦.૦૦ |
| **જો 'હા' હોય તો કયા પ્રકારના લાભો મળે** | | | | | | |
| વીમાના લાભ | ૨૪ | ૨૦.૦૦ | ૦ | ૦ | ૨૪ | ૨૦.૦૦ |
| માંદગીમાં લાભ | ૨૮ | ૨૩.૩૩ | ૦ | ૦ | ૨૮ | ૨૩.૩૩ |
| બાળકોના શિક્ષણ | ૦૬ | ૦૫.૦૦ | ૦ | ૦ | ૦૬ | ૦૫.૦૦ |
| અકસ્માત સામે રક્ષણ | ૦૨ | ૦૧.૬૭ | ૦ | ૦ | ૦૨ | ૦૧.૬૭ |
| લાગુ પડતું નથી | ૦ | ૦ | ૬૦ | ૫૦.૦૦ | ૬૦ | ૫૦.૦૦ |
| કુલ | ૬૦ | ૫૦.૦૦ | ૬૦ | ૫૦.૦૦ | ૧૨૦ | ૧૦૦.૦૦ |

કર્મચારીઓએ દેવું કર્યું છે કે નહીં તે અંગેની માહિતી

| દેવું કર્યું છે? | કાયમી કર્મચારીઓ | | કરાર આધારિત કર્મચારીઓ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી | સંખ્યા | ટકાવારી |
| હા | ૧૬ | ૧૩.૩૩ | ૧૮ | ૧૫.૦૦ | ૩૪ | ૨૮.૩૩ |
| ના | ૪૪ | ૩૬.૬૭ | ૪૨ | ૩૫.૦૦ | ૮૬ | ૭૧.૬૭ |
| કુલ | ૬૦ | ૫૦.૦૦ | ૬૦ | ૫૦.૦૦ | ૧૨૦ | ૧૦૦.૦૦ |

## 8. તારણો

- ૫૦% કાયમી કર્મચારીઓને જ વેતન સિવાયના અન્ય લાભો પ્રાપ્ત થાય છે.
- કાયમી કર્મચારીઓના વેતનમાં વધારો થાય છે. જ્યારે કરાર આધારીત કર્મચારીઓના વેતનમાં વધારો થતો નથી.
- અભ્યાસમાં ૪૨.૫૧% કર્મચારીઓ અનુસૂચિત જાતિના છે. જેમાં કાયમી ૧૦.૮૩% અને કરાર આધારીત ૧૫.૮૩% છે.
- ૯૦.૦૧% કર્મચારીઓનો વૈવાહિક દરજ્જો પરિણીત છે. કાયમી ૪૮.૩૩% અને કરાર આધારીત ૪૧.૬૭% છે.
- ૮૨.૫૦% કર્મચારીઓ સંયુક્ત કુટુંબમાં રહે છે. જેમાં કાયમી ૩૮.૩૩% અને કરાર આધારીત ૪૪.૧૭ % છે.
- ૮૫.૦૦% કર્મચારીઓ પોતાની મકાનની માલિકી ધરાવે છે. જેમાં કાયમી ૪૦.૮૩% અને કરાર આધારીત ૪૪.૧૭ % છે.
- ૧૦.૦૦% કર્મચારીઓને નગરપાલિકા દ્વારા રહેઠાણ ની સગવડ અપાય છે જે કાયમી છે.
- ૮૦.૦૦% કર્મચારીઓ દિવસના ૮ કલાક કામ કરે છે. જેમાં કાયમી ૩૧.૬૭ % અને કરાર આધારીત ૪૮.૩૩ % છે.
- કાયમી કર્મચારીઓની માસિક આવકની સરખામણીમાં કરાર આધારિત કર્મચારીઓની માસિક આવક ઘણી ઓછી છે.
- ૯૫.૦૦ % ના કર્મચારીઓને વધારાના કામના પૈસા ચૂકવાતા નથી, જેમાં કાયમી ૪૫.૮૩ % અને કરાર આધારીત ૪૯.૧૭ % છે.
- ૪૫.૮૪ % કર્મચારીઓ વેતનથી સંતોષ છે. જેમાં કાયમી ૪૪.૧૭% અને કરાર આધારીત ૧.૬૭% છે.
- ૨૮.૩૩% કર્મચારીઓએ દેવું કર્યું છે. જેમાં કાયમી ૧૩.૩૩% અને કરાર આધારીત ૧૫.૦૦% છે.

## 9. સૂચનો

- નગરપાલિકામાં કામ કરતાં કરાર આધારીત કર્મચારીઓનો કરાર સમય પૂર્ણ થતા તેઓને બીજી બાજુ રોજગારી સરળતાથી મળતી નથી. જેથી રાજ્ય સરકાર તથા નગરપાલિકા દ્વારા આવા કર્મચારીઓને સરળતાથી રોજગારી મળી રહે તે માટે રોજગારીની તકો ઉભી કરી શકાય તેવી જોગવાઈ કરવી જોઇએ.
- કરાર આધારિત કર્મચારીઓ અમુક વર્ષો સુધી કામ કર્યા પછી કાયમી થવા જોઈએ.
- નગરપાલિકામાં કામ કરતાં કર્મચારીઓની ઓળખ માટે ગણવેશ( યુનિફોર્મ) ની અને ઓળખાણ પત્રની સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઇએ.
- એક સરખા સમાન કામ માટે સમાન વેતન પ્રાપ્ત થાય તેવી જોગવાઈ નગરપાલિકા દ્વારા થવી જોઈએ.
- નગરપાલિકા દ્વારા વેતન સિવાયના અન્ય લાભો કાયમી કર્મચારીને પ્રાપ્ત થાય છે તે લાભો કરાર આધારિત કર્મચારીઓને પણ પ્રાપ્ત થઇ શકે તેવી જોગવાઇ કરવી જોઈએ.
- નિદર્શમાં પસંદ પામેલા કર્મચારીઓમાંથી મોટા ભાગના કરાર આધારિત કર્મચારીઓ વધુ સમયથી નગરપાલિકામાં કામ કરે છે. જેથી તેમને નગરપાલિકા દ્વારા વૃદ્ધાવસ્થા દરમ્યાન સુખેથી જીવન જીવી શકે તે માટેની કોઇ જોગવાઇ કરવી જોઈએ.
- સમય જતાં કાયમી કર્મચારીઓના વેતનમાં વધારો થાય છે તેવી રીતે કરાર આધારીત કર્મચારીઓના વેતનમાં પણ વધારો થાય તેવી જોગવાઈ નગરપાલિકા દ્વારા કરવી જોઈએ.
- કર્મચારીઓ માટે કામના સ્થળે નગરપાલિકા દ્વારા સેવાભાવી તબીબોની મદદ લઇ તથા નગરપાલિકાના આરોગ્ય વિભાગની મદદથી અમુક ચોક્કસ દિવસોએ કર્મચારીઓની સ્વાસ્થ્ય તપાસની વ્યવસ્થા કરવી જોઈએ.

- નગરપાલિકામાં અલગ અલગ વિભાગમાં કામ કરતા કર્મચારીઓને પૂરતા પ્રમાણમાં સુરક્ષાના સાધનો પ્રાપ્ત થાય. જેમકે હાથ પગના મોજા, મોઢા પરનું માસ્ક, વરસાદ તથા ઠંડીની સીઝનમાં રેનકોટ તથા ગરમ કપડાં વગેરે... પ્રાપ્ત થઈ શકે તેવી જોગવાઇ કરવી જોઈએ.
- નગરપાલિકા દ્વારા એવી જોગવાઈ કરવી જોઈએ કે જે લાભો કાયમી કર્મચારીઓને પ્રાપ્ત થાય છે તે લાભો કરાર આધારિત કર્મચારીઓને પણ પ્રાપ્ત થઈ શકે.

## 10. સંદર્ભસૂચિ

પુસ્તકો

- આપણું નવસારી પરિચય કોશ,૧૯૯૪
- **CENSUS OF INDIA** 2011 **GUJARAT, SERIES** -25, **PART XII-B DIRECTORATE OF CENSUS OPERATIONS, GUJARAT.**
- રાય, બી. સી. (૧૯૮૩). 'ભારત મેં સ્વાયત્ત શાસન', લખનઉ.

લઘુશોધ નિબંધ / મહાશોધ નિબંધ

- **SRIVASTAVA R (**૨૦૦૧) **A COMPARATIVE STUDY OF SOCIO-ECONOMIC AND EMPLOYMENT CONDITIONS OF PERMANENT AND CONTRACT WORKERS IN A FERTILIZER UNIT (A CASE STUDY OF KRISHAK BHARATI CO-OPERATIVE LIMITED, HAZIRA ), SOUTH GUJARAT UNIVERSITY, SURAT.**

સરકારી / બિન-સરકારી અહેવાલ

- નંદનવન નવસારી ૧ મેં ૨૦૧૩( ગુજરાત ગૌરવ દિવસ)
- સામાજિક આર્થિક સમીક્ષા -૨૦૧૨,૧૩ જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવાસદન સંકુલ, જુનાથાણા, નવસારી

વેબસાઈ`

- **WWW.MUNICIPAL.GOV.IN**
- **WWW.NAVSARI.NIC.IN**